૩૯૩૮
૩૯૩૮

જગતનું ગનાન દેવની આગલ મુરખા પણું છે

આકાસ ચાલ રદ્દે પરથવી ચાલ અને

ખીરીસતીઓને આગના અને

કાયમ પંચાંગ હીજરી.

રચનાર ગુલામમોહમમદ બીન હાફીજસાદક રાંદેરી.

'સુરત ખોદાબક્ષ' છાપખાનું એમ. જે. પોસવાળા નાણાવટ.

કીમત આનો ૧

હે ખુદાવંદ તારા ગીત આકાશ પરથવી અને જે એમાછે તે ગાઉછે, તું સરો સકતીવાનછે અને તું પરીબલછે તારી હીકમતોના કામોની તપાસમા શેકડો દાના ચતુરો વીદવાનો શીર પટકેછે ન તને બાલકછે ન તું કોઈનો બાલક, તુ પોતાની મેહેરથી મને શકતીદે કે હું મારા કેટલાક મીત્રોના વેહેમો આકાસ ચાલ પરછે તે માટે આ ચોપડી તેઓને ભેટ કરૂ.

હે મારા વીદવાની મીત્રો તમે જો આ ચોપડીને વીચાર પુગવી હટ મુકી જોશો તો ખરૂ જાશો કે "બોત લોમ યુશી" હેઅત (એટલે શુરયો ચંદર રાત દીવસ વગેરેના હાલતની વીદયા) આગળ "ફીસા ગોરસ" ની હેઅત ફીકી પડી જશે વળી તમે એમ ના સમજતા કે જો મુસલમાનોમા જે હેઅતનુ ફન ચાલેછે એ ખરૂ હોતે તો આખી દુનયા આ વખતે ફીસા ગોરસની હેઅતને શીકતે નહી, અને મુસલમાનોમા એ સીખવાની સકતીજ નહી કારણકે જે વખતમા મુસલમાની રાજ હતું તયારે લાખો રૂપીઆ હેઅતના ફનમા ખરચતા હતા ને લોકોને પણ એજ હેઅત ખરી માલમ પડતી હતી ને જે માણસ "મામુન રશીદ" ના હાલથી વાકેફ હોશે તે સારી રીતે જાણશે કે કેવી રીતે પરથવી મપાતી હતી અને આકાશની ચાલો પકડાવવા કેવા કેવા મીનારા બંધાવા હતા ને અજુ શુધી તુટી ફુટી રસદો હીનદુસતાનમા બરહમણોને તાંછે કે જેને જોઈ ગણા ઈજનેરો ટક્કરો મારેછે પણ કાંઈ સુધરતું નહી, તેમાથી "જેપુર" ના રાજની રસદમે પોતે આંખથી જોઈલીછે ને ગણા બરહમણો તારાની ચાલોને સારી રીતે જાણનારાછે કે તેને યુરૂપ વાલાવો અજુ સુધી હું ધારૂછું કે જાણતા નહોશે અને મુસલમાનોએ એ ફનને મુકી દીધુ તેના બે કારણછે એક એકે એના કદરદાં મલે નહી બીજુ એકે એમા લાગયાથી દીનના કામોમા ગફલતાઈ થાઈછે એચ કારણથી યુરૂપના જે ગણા સીયાણા ચતુરો કેહવાઈછે તેઓ નાહક પોતાનુ અમુલ વખત ગમાવેછે કારણ કે ધરમની બાઈબલને પાદરયોને શોંફી પોતે ફીલસુફી બનીગયા, અને પાદરયો પણ હરામના (એટલે વીયાજના રૂપયાથી મીસનો ચલાવેછે જેને દાઉદનુ ગીત ૧૫ મા તથા લેવય આ૦ ૨૫ વા૦ ૩૬—૩૭ મા હરામ જણવેલુછે) રૂ૦ ખાવા માટે ખરા ધરમ પર કે જેની ગવાહી બાઈબલમા છે ચાલતા નહી ને પોતાના પાપો માટે એક બોઠી એટલે ઈસુ ખ્રીસત ગડી લીધાછે (એ દાવાને લુક આ૦ ૧૩ વા૦ ૨૮—૨૯ મતી આ૦ ૧૯ વા૦ ૫૧ થીબાતેલછે) પણ એઓ હુશયાર કારે કે જે પુશતકો બાઈબલની જુઠીવાતો ઠેરવવામાં છપાયાછે અને મારા સરદાર મોહમદ બનીશવાદીની ભવીશયવાદી બાઈબલથી લખાઈલીછે એને જુઠી પાડે અથવા મુસલમાન થાઈ. અને કેમ એઓ ખીયાલ નહી કરતા કે "ખરા દીને અહમદી" નામની એક કીતાબ ખારીસતીઓની રદમા છપાઈ છે અને તેને જે રદ કરે તેને રૂ૦ ૧૦૦૦૦ નુ ઈનામ તેનો રચનારો આપે એમ છાપામા છપાયુછે તો એઓને જોએકે એને રદ રેક રૂ૦ ૧૦૦૦૦ મલે ને જો રદ નથાઈતો મુસલમાની ધરમ કબુલ કરે ને

ફીલસુફી મત પર ચાલનારાવોને કેમ હુશયાર ચતુરો કેહવાઇ ? કે જે વાતો ફીલસફાની એવીકે તે પર તેઓના મતનુ મનડાણછે તેવી વાતોને મુસલમાનોએ તોડી કાડી હવે રેહેચુસું ને જો એ વાતમા શક હોઇતો મી. ફકરૂદીન રાજી અથવા ઇમામ ગીજાલીના પુસતકોને જુવે હવે ઉપલી વાતોમા થોડુ ધયાન પોચાડશોતો મુસલમાનોનુ ખ.જા ફનથી પાછલ પડવુ અને દીનમા ચુશ થાવાના કારણ માલમ પડશે

હવે અસલ મુદદા પર જે એઓના વેહેમોછે તેઓને મીટાવી પરથવી ચાલની ખરાબીઓ સાબેત કરી આપુસું.

દાખલો ૧ લો જો આપણે ગાડીમા બેઠા હોઇતો આપણને ઝાડ તથા પરવતો ચાલતા માલમ પડેછે પણ એ સમજવુ આપણી ભુલછે કેમકે આપણે જે ઘાડીમા બેઠા તે ચાલી રહીલીછે એચ કારણથી ગાડી ઉભી રાખીતો ઝાડ પરવત વગેરેભી ઉભારહી જાઇ છે. એવીતરે આ પરથવી પણ ગાડી માફક ચાલેછે ને તેથી સુરચો તથા ચનદર વગેરે ઝાડ પરવત માફક ચાલતા માલમ પડેછે. **જવાબ** પરથમ આઇ જાણવું જોએકે ઇલમે મુનાજેરા (એટલે દાવાને સા બેત કરવાની અથવા ના પાડવાની અથવા મુકાબલની દલીલને તો ડવાની રીત જે વીદયાથી માલમ પડે) મા આઇ વાત લખાઇલીછે (એ વાતને શૌવ માનેછે) કે દાવો અથવા દાવાનો ભાગ દાખલામા આવોનજોએ તો આ દાખલામા દાવો દાખલછે તો પેહેલા આ સાબેત કરોકે પરથવી ચાલેછે ને પછી કહોકે હમે ગાડીમા બેઠેલા છએચ અને પરવતો અને ઝાડોને માફક સુરચો ચાલતો માલમ પડે છે ને વળી હમે એમ પણ કહી શકએ છીએકે ઝાડપાસે ઉભેલાને નદી કીનારા પર નાવડી ચાલતી દેખાએછે, તેવીતરે ચંદર સુરચો ચાલેછે ને હમે પરથવી પર બેઠાછે **દાખલો ૨** જો પરથવી એક નારનગીને માફક ગોલછે ને સુરચો અથવા ચંદર દીવા માફકછે તો જો નારન ગીને દીવા આંબી ફેરવસુંતો નારનગીના ચોતરફ દીવાનું અજવાલુ લા ગશે એવી તરે પરથવી પણ ફરેતો ચોતરફ અજવાલુ લાગે **જવાબ**

હમે કહીએછેકે જો દીવાને ચોતરફ ફેરવશો તોપણ લીંબુને ચો તરફ અજવાલુ લાગશે તેમ સુરચાના ફરવાથી ચોતરફ અજવાલું લાગે છે તો પરથવીની ચાલ એથી સાબેત થાતી નહી **દાખલો ૩** જો કેટલાક વીદવાનો કેહવા લગયાકે મારા શીકશકે દુરબીનથી જોયુકે પર થવી ચાલેછે તે એ તરેકે એક નજરે સુરચાને જોયા કીધુ થોડીવાર પછી સુરચો માલમ નહી પડો એટલે જમીન ખશી ગઇ જેથી આંખનો તાર જે દુરમીનમા રહી સુરચાપર ગચો હતો તેબીજી જગયા જઇ પડચો જેમ આપણે એક પાતરામા સુરાખ કરી દીવાને જોયા કરચે ને પછી આપણે ખશી જાએતો દીવો દેખાતો નહી **જવાબ.**

મોહોટા ઉપદેશક સાહેબ જે દુરમીનથી ચાલ જોનારા તે એ વી વાત કહે એઘણું અચંમબા ભરૂછે કારણકે તેઓએ આટલો ખી યાલ નહી પોહોચવો કે ચીજ કયારે દુરમીનથી દેખાઇ કે અજવા લામા આંખથી નીકલેલો તાર તેપર પડે ને જો આપણે ખશીજાએ

અથવા તે ચીજ ખરીજાઇ તો તે ચીજ નીકલેલા તારથી દેખાતી
નથી તયાર સુધીકે દુરબીનને ઉંચી નીચી કરએ. તો ઉપદેશક સાહે
બને કેમ માલમ પડુકે જમીન ખરી ! હમે કહીએછેકે સુરજો ચાલો તે
થી નહી દેખાવુ તથા દીવાનો દાખલો પણ ઠીકનહી કેમકે દીવો ખ
શેડોતો પણ નીહી દેખાશે. **દાખલો** ૪ થો ચંનદર ધરણ થવાનું
કારણ બોતલુમ ચુરી હેંઅતવાલા અથવા ફીસા ગોરસવાલા આઇ માને
છેકે જમીન વચયે આવયાથીછે તો જો જમીન ન ચાલતી હોતતો કેમ
કેહવાતે કે જમીન આવવાથી. એથી પરથવી ચાલ સાબેત થાઇછે
જવાબ જો આપણી બોલ ચાલપર ખીયાલ પુગાડશોતો જવાબ સારી
રીતે સમજાશે તે એકે કોઇ માણસ કહેકે ફલાણી મશીતની પેહેલી
સફમા ફલાંણાં ફલાણાં સાહેબો બેઠેલા હતા પણ એ બેવ વચ કોણ માણ
સ હતુ તે થામલુ વચ આવાથી દીઠામા આવયો નહી તો શું તમે
એમ સમજશોકે થામલું કેયેથી આબેવ વચ આવી લાગયું ? કદી ન
હી બસ એજ મહાવરા પરમાણે પરથવીનુ વચ આવવુ વપરાઇલુંછે ને
ધરણના થાવાની હકીકત મુજસતી તથા 'બહાદુર ખાની' નામની
કીતાબોમા લખાઇલીછે **દાખલો** ૫ મો જો પરથવી ચાલ ખોટી
હોતતો એના પરથી પનચાંગ કાડેલા પણ ખોટા પડતે પણ હમે
ખાતરીથી જાણએછેકે યુરપયનોના પંચાંગ ખોટા પડતા નહી માલમ
પડુકે પરથવી ચાલ ખરીછે **જવાબ** જો આઇ દાખલાને તમે ખરો મા
નોછો તો હમે કહીએછેકે જો આકાસ ચાલ ખોટી હોતતો 'બતલમ
યુસી' હેઅત પરમાણેના પનચાંગ ખોટા પડતે પણ હમે જોઇએછે
કે ખોટા પડતા નથી બલકે ઇનડીયામા ગણાં ખરા એજ પંચાંગ વ
પરાઇછે, હવે હું પરથવી ચાલના વેરૂદ દાખલા લખવા આગલ આટ
લુ જણાવુછુકે જારે પરથવી ચાલ ખોટી થાશેતો આકાસ ચાલ સા
બેત થઇ જાશે કારણકે બેવટોલા વાલા બેમાથી એક ચાલવાને માને
છે તયારે મને આ ચોપાનયામા આકાસ ચાલને સાબેતી વીશે દાખલા
લખવાની કઇ જરૂર નથી જેને આઇ જોવુ હોઇકે આકાસ કેમ ચા
લે તે સરહ ચગમની બાબુત "તશરી" વગેરે નામની કીતાબોમા જુવે
ને જેને આઇ જોવુ હોઇકે આકાસમા કેહવી તરે ચાલવાની ગતીછે.
અથવા એને ચાલવાના દાખલા તે ફલસુફાના પુસતકો 'શદરા' 'સમશે
બાજેગા' 'શરા હીકમતુલ એના' વગેરેમા જુએ **૧ લો** હમે પુછએ છીએકે
પરથવી ચક્કર ફરતી ઊપર ચડેછે અથવા ચકર ફરતી નીચે જાઇ
અથવા વચમા ચકર ફરા કરેછે જો અગર એમ કહોકે ચકર ફરતી
ઊપર જાઇ તો હમે તરણ જવાબ આપસુ ૧ લો એકે ઉપર તરફ
અન અનત દુરી જોએને એ ફલ સફાના કાઇદાથી ઉલટુછે ૨ જો જો
એ વાત ખરી હોતતો તારા દહાડાપર દહાડા મોટા દેખાવા જોયે
કારણકે જેમ જે ચીજને પાશે જાયે તેમ તે મોટી દેખાઇછે ૩ જો
જો પરથવી ઉપર જાતી હોઇતો ઉપર નાખેલુ ઢેકુ નીચે આવવુ નહી
જો એ કારણ કે જેગતી પરથવીનીછે તેજ ગતી તેના ભાગ ઢેફા
સાછે પણ હમે નજરે જોએછેકે જે ઢેકુ નાખએ તે આપણે સામણે

પડેછે ને જો કહોકે પરથવી નીચે આવતી જાયછેતો એ પર પણ
તરણ જવાબ આપવું ૧ લો એકે નીચે તરફ અનઅનત દુરી થાવી
જોએને એ ફલસફાઆના કલમ પરમાણે બાતેલછે ૨ જો તારા દહાડા પર
દહાડા નાંહલા દેખાવા જોએ કારણકે જે ચીજથીઆપણે દુર થાયુ
તેમ તે ચીજ નાંહલી માલમ પડતી જશે પણ હમે જોઇ રઇલા છ
એકે જેવાંછે તેવાને તેવાછે ૩ જો આપણે કોઇ ઢેકું ઉપર નાખચે
તો નીચે આવવુ નહી જોએ કારણકે જો એક ઉચી જગયાથી મણી
કો ફેકચે ને પારોરા ફેકચેના ખચાત જાણુએછેકે તે મણીકાને પારો
રો કદી નહી પકડશેતા વાચાર પુગાડવો જોએકે ૨૪૦૦૦ મેલના
ગોલાને પારોરનો ગોલો કેમ પકડે જો અગર કહોકે વચચે ચકર ફરા
ફરે તો એપણ કઇ દાખલાથી બાતેલછે ૧ લો પરથવીની તબાયતમાં
મેલે મુસતકીમ (એટલે શીધ આવાની ગતી) છે જેમ ઉપર હુ બત
લાવી ચુકયોછું કે એક પથરને ઉપર નાખશોતો તે નીચે સીધો આ
વશે કારણકે જે તેના પુરા (એટલે પરથવી) મા ગતીછે તે એ પથર
(એટલે તેના ભાગ) મા પણ ગતીછે તયારે આઇ કાઇદા પરમાણે કે
જે ચીજમા સીધ આવાની ગતી હોઇ તેમા બીજી તરે (એટલે
ચકડી ફરી) ના હોઇ તો આ પરથવી ચકર ફરી નહી સકતી પણ આ
દાખલા પર એક સવાલ ઉઠશે તેનો જવાબ બીજા દાખલાને સમ
જવાથી મલશે ૨ જો દરએક ચીજના હલવાને બેતરે ફલસફામા બત
લાવીછે જેને ખુસાલાથી લખુતો એક પુસતક એજ વાતપર થાઇ પણ
તેની બીજી તરે જેને હરકતે જાતી (એટલે હલવાની હાલત તેમા હોઇ
જેમ ઘોડાને ચાલતો કહચેચ અથવા માણસ જારે પગે ચાલતો હોઇ
તારે તેને ચાલતો કહચેચ અને કોઇ માણસ નાવડીમા અથવાગોડા
પર હોઇને તેને કહએ કે ફલાંણો માણસ ચાલચો, તેમ ન હોઇ)તેની
તરણ તરેછે ૧ લી કોઇના હીલાવાથી હલે બીજી પોતાની તબીયત
થી જેમ આપણે એક ઢેકાને ઉપર નાખચે એ પેહેલી તરેછે ને તે
પછી નીચે આવે એ બીજી તરેછે તરીજી પોતાના વીચારથી હલે
જેમ આપણે બેશએ ઉઠએછે જયારે આ સમજી ચુકયા હવે હું પુછુછુ
કે પરથવી જે વચમા આથમણેથી ઉગમણે ચાલેછે એ એ તરણમા
થી કહી તરે પરછે જો કહોકે બીજી તરે એટલે પોતાની તબી
તથી ફરેછે જેમ પથર નીચે આવેછેતો હું કહીસકે તબાયત પરથવીમા
તો સીધ હીલવુછે તે ગોલ કેમ હલે ને વલી તબીયત હલવાનીતે
આઇ જગયાછે કે અણ માફક જગયાથી માફક જગયા જાઇ તો જો
પરથવી પોતાની તબયતથી જો ગોલ ચાલાતી હોઇ તો જરૂર કેથયે
માફક જગયા જોએ કે તાં એ જાય જો એમ કહોકે એની કોઇ
જગયાછે તો હું કહુછુકે તાં ઊભી કેમની રહી જેમ પથર પરથવી પર
આવા પછી તબાયતથી ઉપર નહી જાતો ને જો એમ કહોકે તે જ
ગયા પોચતીજ નહીતો હું કેહકે હમેશ તેના તરફ જાવું જોએ પછી
સા કારણથી કહોછોકે વરસ દાહાડે પરથવી જાંથી નીકલે તાં એકવાર
આવેછે, ને જો કહોકે પેહેલી તરહ (એટલે કોઇના હીલાવાથી હલે)

પરછે તો હું કેહીસકે કોઈને હલાવાથી હલવા માટે આટલુ જરૂર જોએકે તેમા તબીયતથી હલવાની સકતી હોઈને તેને કોઇ હલાવે પણ જયારે ઉપલી વાતથી જાણી ચુકાકે પુરી પરથવી તબીયતથી હલી નહી સકતી તોજરૂ એમા પેહેલી તરાના હરકત નહી થાશે ને વળી એમ પણ કેશ કે આટલા મોહોટા ગોલાને કોઇ હીલાવનારો સાબેત કરો, ને જો એમ કેહોકે એ તરીજી તરા પર (એટલે પોતાની ઈછ્યાથી ફરે) છે તો હું કેહીસકે ઇચ્છાનુ થાવું પરાણીમા થાઈછે તો પરથવીને પરાણી સાબેત કરો પણ આ ઉપર એક સવાલ ઉઠશેકે આકાસ એ તરણ તરેમાથી કઈ તરાપર ફરેછે, ને તમે જે કેશો તેજ જવાબ હમે આપસુ તો મારો આ જવાબછે કે આકાસ ઈછ્યાથી ફરે છે, ને પરાણી થાવુ ફલસફાના પુસતકો જેવું 'સમશે બાજગા' તથા 'સદરા' વગરે નામની કીતાબોમા સાબેતછે જેને જોએ જોઈલીએ ૩ જો. જો હમે એક પથરને ઉપર નાખયેતો જો જમીન ફરતી હોયતો પથર તયા અથવા બેચાર ગજને છેટે પણ પડવો નહી જોએ પણ ગણોચ દુર પડવો જોએ પણ હમે આંખે જોએછેકે તાંને તાંચ પડેછે તો જારે પથર ઉપર ગયો અને ઊપરથી નીચે આવયો એટલી વારમા કલાકને ૧૦૦૦ મેલને હીસાબે ૧૫ શેકન ૩૦ શેકનમા જમીન દુર નીકલવી જોએ ૪ થો જો પરથવી આથમણથી ઉગમણે ફરતી હોઈતો આખરૂ આવું જોએકે જો હમે એક પથર આથમણે નાખએતો તોએ ગણો દુર જાવો જોએ, તેથી કે જે પથરને ઉગમણે નાખએ, કારણકે પેહેલો પથર પરથવી પર પડે તે પેહેલા કેટલી જગયા ઉગમાણ તરફ ચાલી આવશેને એ નો દાખલો રેલગાડીપર સમજવો જોએકે ચાલતી ઘાડીના ઈનજીન તરફ જો કોઈચીજ નાખોતો તે આગલ તોસું પણ પાછલ પડશે ને જો પાછલ નાખશોતો ગણે છેટે પડસે, ને જો ઉગમણે તરફ નાખોતો તો પથર નીચે પડે એટલામા આપણે તે પથર તરફ પોહોચસુ જેથી તે પથર પાશે પડશે, પણ હમે ખરૂ જાણએછેકે એક તરાના અને સરખા વજનના પથરને સરખા જોરે ઉગમણે આથમણે નાખેતો બરાબર પડશે માલમ પડુકે પરથવી નહી ચાલતી. પણ જો કોઈને આ વાતરપ એમ ખડકે કે આ દાખલો ઠીક નહી કારણકે પરથવી કેટલા ઉચા સુધી હવાને તથા જે કઈએ વચછે તે લઈ ફરેછે એ કારણથી પથર ઉગમણે આથમણેના બરાબર થાઈછે ખુલાશો એનો એવી તરેકે જે પથર ઉગમણે તરફ નખાયોછે તે નીચે પડે એટલામા પરથવી તયા પોહોચવી જોએ પણ પરથવી જે હવાને લઈ ફરેછે તે પાછલથી પથરને ઠેસ આપેછે જેથી પથર પુરૂ ચાલે જઈ સીધો પડેછે એવી તરે જે પથર આથમણે જાઈ તે ગણે દુર પડવો જોએ પણ જેહવા પરથવી સાત ચાલેછેતે પથરને રોકી રાખેછે જેથી એ પર પુરૂ ચાલી સીધ પડેછે, તો એનુ ઓસડ આમ પાશે કે જો પથર હવાની ઠેસથી અથવા રોકાણથી બરોબર પડતો હોઈતો એક પથર સવાયો સવાયા જોરથી એક તરફ નખાઈને બીજો એકવડો એકવડા જોરથી બીજે તરફ નખાઈતો ફરક

પડવુ જોઈએ, કારણકે હવા જે ચીજને જેટલુ રોક કરશે તેમ બીજે
તરફ તેટલી ચીજને તેટલી ઠેસ દેશે પણ જ્યારે નાંઠલા મોટટી હોઈ
તારે મોટી ચીજને રોક તથા ઠેસ કમ કરશેને નાઠલી ચીજને રોક
તથા ઠેસ વધારે કરશે માલમ પડ્કે પરથવીનુ હવાને લઈ ચાલવું બાતે
ભઙે ૬ ઠ્ઠો અગર પરથવી ગોલ આથમણીથી ઉગમણે ચાલતી હોઈ
તો ગણો ભાગ જે પાણીનો પરથવી સાત લાગેલોછે ને થોડો ભાગ
હવાનો જે પરથવી સાત લાગેલોછે એ બેવને લઈ પરથવી ફરેચકે ન
હી ! જો કહોકે નહી તો પરથવીનો હાલ બદલાવો જોએ બલકે ગણાં
ખરા લોકોને દાહાડામા એકવાર પાણીમા ડુપકી મારવુ જોએ ને જો
કહોકે સાને લઈ ફરેછેતો જે, નાવડી દરયામા ઉભી હોઈ તેપરથી
ઉપર ઢેફું ફેંકયેતો નાવડીમા પડવુ નહી જોએ કારણકે સમુદરને પર
થવી ફેરવેછે તેથી તેની સાત નાવડીભી જાશે પણ હમે ખાતરીથી
જોએચફે તે ઢેફુ નાવડીમાચ પડેછે ને વળી નાવડી પર જે વાઅછે
જેમાકે પથરછે તેકઈ પરથવી સાતે લાગતો નહી કે પરથવી તેને ભી
સાતે ફેરવે (આવાત વચે સવાલ ઉઠતોથો તેના જવાબમાછે) ને દર
યાને પરથવી ફરે તેથી એમ પણ હોઈકે તેના વાઅને સમુદર ફેરવે
એ નહી થઈ સકતુ નહીતો એમ કેહવુ પડશેકે બધા ઉજરામ (બદન)
જમીન સાતે ફરેછે કારણકે બધા ઉજરામ પરથવીને લાગેલા છે પછી
રાતને દીવસ કઈ પાણની હોવા જોએ જે મુલકમા રાત તાં રાતને
જે મુલકમા દીસતાં દીસ પણ એતો સરે જાહેર ખોટુછે ૭ મો જો બે
ઇસટીમર સરખા જોરની હવાના થમેલા વખતમા એક ઉગમણે
જાઈને એક આથમણેતો પ્રથવી જો સાતે લાગતા હવાને તથા પાણી
ને લઈ ચાલતી હોઈતો ઉગમણે ગેઈલી ઈશટીમર જોર જાવી જો
ઈએ કારણકે તેને એક પોતાનુ જોરછે ને બીજુ પાણીનુ, ને આથમ
ણે ગએલી ધીમે ચાલવી જોએ કારણકે ફકત તેને એકજ જોરછે ને
તે સાતે પરથવીના ચલાવેલા પાંણીની રોક પણ લાગેછે પણ અમે
ખાતરીથી કહુએછેકે બેવ સરખીજ જશે ને જો કોઈ આવો ખીયા
લ કરેકે સમુદરને સાતનો હવા ભી પરથવી સાત ફરેછે તો હું કહી
સકુ કેહી જાંન છુટટો નહી ને તમારા માનવા પરમાણે બેવ ઈશ
તીમબરોમા ફેરક આવો જોએ કારણકે ઉગમણે જાતી ઈશતીમબરને
ઠેસ મલશે ને આથમણીને રોક ૮ મો જો બે પકશીઓ (એટલે
પરીનદા) સરખા જોરે હવામા પરથવી પર ઉડેતો હવે પુછુંછુંકે એહ
વા જેમા પકશીઓ ઉડે પરથવી સાત ચાલેછેકે નહી ? જો કહોકે
ચાલેછેતો ઉગમણે જાનાર ગણુ તેજ જાવું જોએ કારણકે તેને ઠેસ
મલેછે ને આથમણે જનાર ગણુ ધીમે થાવુ જોએ બલકે ઉભુજ રહે
વુ જોએ કારણકે ગણી વખત જોવામા આવેછેકે વાયાના ઝોકડા
પર ચાલતુ જાનવર ચાલી સકતુ નહી ને જો કહોકે નહીં ચાલતો તો
ઉપલાના ઉલટ થશે એટલે આથમણે જાનાર જોર ચાલશે ઉગમણાં
કરતાં, ને ખરૂ જુવોતો બેવ સરખા જાઈછે આવાત સોચનારા આગલ
કાંઈ મોટી મલે નહી પણ આગલા દાખલા સારી રીતે સમજવા

આવે માટે થોડી એવી વાતો કુ જે જરાબી ખીયાલ કરશો ચટ સ મજશો લખુછુ થમા વાયામા એટલે પુરવ પસચીમ ઉતર દખસણ કેથયે ન ચાલતો હોઈ એવા વખતમા જો બે પખ્ખરીઓ સરખા જોરે ચાલે તો સરખા જાઈ એમ જોવામા આવેછે ને જો સરખાં જોરે ભુંખાણમા ચાલેતો વાયાને મોહપર ચાલનાર ધીમે ને એના મુકાબલની દસા પર ચાલનાર જોરે જાશે એવી તરે થમા પાણી અને વાયામા એક નાવડી ઉગમણેને બીજી આથમણે ચાલેતો બેવ સરખે જાશે ને જો પાણીની તાંણમા ચાલેતો તાંણ તરફ ચાલનાર જોર ચાલશે ને એના મુકાબલા તરફ ધીમે, અને જો પાણી થમાહોઈ પણ વાયુ ચાલતું હોઈતો પણ નાવડીઓમા ફેરક આવશે એટલે વાયાના મોહડા પર ચાલનાર ધીમેને બીજા તરફ વાલી જોર, ને જો વાયુ ચાલતુ હોઈ ઉતર તરફ, ને પાણી ચાલતાં હોઇ દખશીણ તરફ ને એક નાવડી જાઈ ઉતર તરફ ને બીજી દખશીણ તરફ તો જો વાયાના જોરની અને પાણીના ચાલની ડીગરીઓ બરાબર હોઈતો બેવ સરખી જશે નહીતો વધારેઓછી. આથી સાફ માલમ પડુકે સરખા જોરે બે પખ્ખસીઓ ઉડે તેમા ધીમે જોર થાવાનુ કારણ વાયાનુ ચાલવું અને ઠેરવુછે ને સમુદરમા સરખા જોરે બે વાંહાણ ચાલે ને ફરી વધારે ઓછી મનજલ થાવાનુ કારણ પાણીનુ ઠરવુને વાયાનુ ચાલવુ. ને હવે જો પરથવી ચાલતી હોઇને વાયાને પણ સાતે લઈ ચાલતી હોઈ તો કેમ ઉગમણે ચાલનારી પકશીઓમા તથા નાવડીઓમા નહી ફેરક પડતો? **૯ મો** આ વાત શોવ ફીલસુફા જાણેછેકે એક ચીજ બીજાને સાતે લાગીને રગડો ખાઇતો તે ઉંની થાઈછે પછી જેમ જેમ ગસારો લાગે તેમ તેમ ઊની થાઈછે, અને પરનતે અગની પણ પરકાસ થાઇછે હવે હું કહુંછુંકે જો પરથવી ચાલતી હોઇતો આપણે ભુંજાઈ મરએ કારણકે જારે કલાક ૨૪ મા માઇલ ૨૪૦૦૦ પરથવી ચાલે પછી કેમ ઊનુ નહી થાઈ? પણ ખરૂતો આઈકે એ ચાલેચસાની કે ઉની થાઈ **બસ** હવે હું આટલાજ દાખલાપર ટુંક કરૂછુંને એક નમુના દાખલ એક ભાંસાણનુ સાર તમને લખી જણાવુંછું જેથી તમને ઈંગરેજી ઇસકોલના ફેલાસફા પુરફેસરો ના હાલ માલમ પડશે ને આપણ જાંણસોકે મુસલમાનોમાબી એ ફનના જાંણનારાછે પણ પોતાના દીનના કામોમા લાગાથી નકામી મગજફોડીમા નહી પડતા

જ્ઞાન મસારફ ભાસણ ૩ જો પરકાસ સી ચીજછે? હવે આપણે જો એકે પરકાસ જેની અસર થવામા થોડો વીલંબ લાગેછે બેરીતે આપણાં મનમા તેને વીશે ખીયાલ આવેછે યાતો પરકાસ ઘણીજ બારીક રજકણો હોઈ અને બંદુકમાથી ગોલીનો વરસાદ છુટેછે તેમ સુરજ પોતાનામાથી આ રજકણોનો વરસાદ આપણી પરથવી ઉપર મોકલીને રોસનીની અસર કરતો હોઈ અથવાતો એમ હોઇ કે સુરજ આપણી અને તેની વચે આવેલી જગાની અનદરની બારીક રજકણો જેને ઈથર કહેછે તે હીલવીને આપણી તરફ મોજાના આકારમા રોસનીની અસર કરતો હોઈ આ બીજા વીચારના ખુલાસા

વાસ્તે એક દાખલાની જરૂરછે હું બોલુંછું તે તમે સાહેબોને સંભલાઇછે માહારા બોલવાથી હું હવાની અંદર મોજા પેદા કરૂંછું અને તે મોજાઓ તમારા કાનમા 'ટીમપેમને હીલવી તમોને માંરૂ બોલવું સમલાવેછે એટલુ યાદ રાખવુંકે જે હવાની રજકણો મારા મોહડા આગલછે તે રજકણો તમારી ટીમ પેમન આગલ આવી તેને હીલવતી નથી પણ ઉપલી રજકણો ફકત પોતાની પડોસમાની બીજી રજકણોને હીલવી મોજા પેદાકરીને ટીમ પેમન આગલની રજકણોને હીલવેછે, એવી રીતે સુરજ આપણને રોસની આપેછે, આ બીજો ખુલાસો હાલના સરવ મોહટા વીદવાનો કબુલ રાખેછે, તાપના બલથી સુરજમા અને તેના આસપાસ હમેસ એક જાતની ધ્રુજારી કાયમ ચાલુ રહેલીછે જેથી તેની જગામા મોજાઓ પેદાકરી આપણી ઉપર પરકાસની અસર કરેછે એ પરમાણે રોસની ફકત 'ઇથર વેવસ' અથવા ઇથરના મોજાછે એમ સાબેત થયુછે સાહેબો મેહેરબાની કરી નીચેના દાખલાવો વાંચોતો કાંઇપણ સાબેત થયુનહી, વીચાર પેહેલો તરણ દાખલાથી બાતેલછે ૧ લો હું પુછુંછુંકે એ રજકણો ચાર અનાસરથી એટલે આગ વા પાણી મતોડુ એ ચારમાથી સાનીછે જો કહોકે આગ અથવા વાનીતો એ બેવની જગયા ઉપરછે નીચે ઉરાથી કેમ આવે ને અગર એ માનીએ પણ ખરાં તોપણ તેને આગલો દાખલો રદ કરેછે ને જો કહોકે પાણી અથવા મતોડુ તો હાં તે નીચે આવશે પણ ફીલસફામા એમ સાબેતછે કે કેટલી પણનહાની ચીજ અનઅનત હોઇ અને અનઅનત વખત લેગી થાયાકરે તો મોટો એક ડુંગર થઇ જાઇ, તો જો રજકણો હમેસ પડા કરતી હોઇ જેમ પરકાસ રોજ થાઇછે તો પરથવીને ચોતરફ મોટો ઢેર થાવો જોએ ને તેથી પરથવી દીનપર દીન મોટી થાવી જોએ, બીજુ, સુરયો દીનપર દીન નાઢલો થાવો જોએ કેમકે જે ચીજમાથી કેટલી પણ નાંની ચીજ હોઇ અનઅનત અને અનઅનત વખત જેથી નીકલા કરેતો તે ખુટી જાઇછે પણ સુરયો જેમછે તેમજછે ને જો કહોકે જેટલુ ઘટે તેટલી આવકછે તોતે સાબેત કરો ૩ જો, જો હમે પથરમા એક મોટો ખાડો પાડએ અને તેના મોહડા પર કાચ મુકી ચુણી લીજએ તો રજકણો અનદર જાશે નહી, ફરી રોસની પણ અનદર થાવી નહી જોએ, પણ હમે ખાતરીથી જાણએછેકે રોસની અનદર જાશે, બીજો વીચાર પણ તરણ દાખલાથી બાતેલછે. ૧ લો ઉપલાજ દાખલા મારફે કે જો આપણે પથરમા ખાડો પાડી તેપર કાંચ જડએ તો રોસની અનદર જાવી ન જોએ કારણકે જે હવાનીમોજ પરકાસ લાવેછે તે અનદર જાતી નહી જેમ બોલવાથી પેદા થએલી મોજ જાતી નહી પણ રોસનીતાં અનદર જાઇછે, માલમ પડુકે મોજથી રોસની પડતી નહી ૨ જો, સાહી દીવાન ખાનામા એક જાતના રતન મુકાતાથા જેથી તેટલી બેઠકમા રોસની તે રતનથી પડતીથી ને તે રતનમા કાંઇ ધ્રુજારીની થાતી કે તે હવામા મોજો ઉઠાવે માલમ પડુકે રોસની પોહોચવાને મોજાની જરૂરછે નહી તયારે પરકાસને પર

થની ખર આવતાં વીલંબ લાગવાનો સી કારણ ? ૭ જો મોજને આડુ ચાલવું કાંઈ મના મલે નહી જેમ નદીમા સમુદરમા જોએછે કે મોજો આડી ચાલેછે તો જો મોજો પરકાસ લાવતીયો હોઈતો હું કહુછુકે જે વખત સુરજ ઉતર ગામ હોઈ તે વખત દખમણ ગમએ હુકાના ખાડામા પણ પરકાસ થાવો જોએ, પણ ખરૂ જુઆતો પર કાસ સીધ લીટી માફક પડેછે માલમ પડુ કે વાયાની મોજે પરકાસ લાવતી નહી બસમે આટલાપર આ ચોપડી પુરી કીધી, પણ આ બધી વાતો નકામી મગજફોડવાનીછે કારણકે એ ન દુનયામા કઈ કામ આવે,ને ન આખરમા, માટે હું થોડુ ધરમ વીશે ખીરીશતીઓને આગનાને દુનયાત્રીસે કાયમ પંચાંગ લખુછુ **ખીરીશતીઓને આગના** ઈસુ ખુદા નહીછે કારણકે ખુદા એટલે મોજુદ એવી તરેકે તેનુ હોવુ પોતે જરૂરી અને તને નઉશામછે અને ન તેને કોઈ જગયાછે અને ન તે એવો કે કોઈને સાતે કાયમ હોઇ અને ઈસુ એટલે એક પુરૂષ માણસનો દીકરો (જેમ મતીમાછે) ઉરામવાલો એવોકે એક વખત નહતો પછી તે થયો ને તમારા કેહવા પરમાણે એક વખત તે જીવતો હતો પછી તેને શુલી દેવાઈ અને એક વખત તે બાલક હતો પછી તે મોટો થયો ને ભર જુવાન થયો અને તે ખાતોથો અને તે પીતોથો અને જેમ આપણને ઝાડે પેસાબની જરૂરત પડે તેમ તેને પડતીથી અને તે સુતોથો અને તે જાગતોથો ને આ વાત વીદવાનો વગર થોડીપણ બુધી રાખનારો સમજસેકે હાજતવાલો ખેપરવા થાતો નથી ને નવો તે હમેસનો નથી ને જેનુ હોવુ અને ન હોવુ સરખુ હોઈ તેનુ હોવુ જરૂરી નથી ને જે એક વખત કેમ અને બીજી વખત કેમ તે હમેસ રેહનાર નથી.

૨ જો તમો આ માનોછોકે આહુદીઓએ ખીરીસતને પકડો અને શુલી દીધી અને તેને લાકડાપર જીવતો મુકોથો અને તેની પાંસલી ફાડીફાડીથી અને તે નાંસવા ફાંફાં મારતોથો ને સંતાવાને બહાના કરતોથો ને જારે તેઓએઈને એવાં કામકીધાં તારે નમનતાઈ પરગટ કરતોથો તો જો એ ખુદા હોતે અથવા ખુદા એમા ઉતરેલો હોતે અથવા ખુદાનો ભાગ એમા હોતે તોકેમ તેઓને પોતાથી દુર નહી કીધા ને કેમ બધાવોને હલાક નહી કીધાં ? ને વળી શુ જરૂર નમનતાઈ કરવાની અને નાંસવા માટે ફાંફાં મારવાની હતી ? મને ગણો અચરમો લાગેછેકે બુધી વાલા કેમ એવી વાતો કહેછે ને તેને ખરૂ જાણેછે કે જેમા ખોટા થાવા પર જાહેર બુધી ગવાઈ આપેછે ૩ જો તે એક ખુદા વાલો એમ કેહવાઈકે પુરશ દેખાતો બદનવાલો યા એમ કેહવાઈકે ખુદા પુરો એમા ઉતરો યા એમ કેહવાઈકે ખુદા નો એક ભાગ એમા ઉતરો એ તરણેવ બાતેલછે પેહેલુ તો ખુદા જગતનો આ બદનવાલો હોતતો જયારે આહુદીઓએ તેને શુલી દીધી તયારે એમ કહવાવુ જોએકે આહુદીઓએ ખુદાને મારી નાખ યો, તયારે આ જગત વગર ખુદાએ કેમ બાકી રહી ? ફરી જે આહુદીઓ કે ગણું જલીલને ખારછે તયારે જે ખુદાને આહુદીઓએ

આરમા તે ઘણોજ આછોજછે બીજુ જો ખુદા પુરો આ બદનમા ઉતરો હોઈ એપણ બાતલછે કેમકે જ્યારે ખુદાને નબદનછે ન તે અર જછે (એટલે એક ચીજ બીજાને સાતે કાયમ રેહતી હોઈ જેમ કાલ કનુ કાલા કપડા સાત રેહવું) તો તે બદનમા કેમ ઉતરી સખે ને જો ખુદાને પણ બદન હોઈ તો તેનુ ઉતરવુ એક બદનનુ બીજા બદનમા થયુ એટલે એક બદનનાભાગ બે જાબદનના ભાગોને મલી ગયા પછી એથી તે ઉતરેલા ભાગોમા જુદાઈ થઇ ગઈ, ને જો તે અરજછે તો એ ઉતરીતોસખે પણ પોતાના કાયમ રેહવામા બીજાનો મોહતાજ હોવા જોઈએ તો ખુદા બીજાનો મોહતાજ થયો તયારે એવાતો ખોટીઓછે ૩ જો તે એક ખુદાનો એક ભાગ ઉતરો હોઈ એ પણ બાતેલછે કારણકે જો એ ભાગની ગણતરી ખુદાની ખુદાઈ ઓવામા હોઇતો એના જુદા થાવાથી ખુદા ખુદા નહી રહયો નેજો એભાગની ગણતરી ખુદાઈ હોવામાન હોઈતોતે ખુદાનો ભાગ નહીબશ સાબેત થયુકે ખીરીશત ખુદા નહીછે ૪ થો આ વાત તમારેતાં લખાણમાછેકે ઇસુ ઘણી પરારથના કરતો હતો અને ખુદાની બંદગી કરવાનો ઘણો શોકીન હતો ને જો ઇસુ ખોદાહો તે તો એ ખોટુ થાવુ જોએ કારણકે ખુદા પોતાની બંદગી કરતો નહી ને જો ખરીશના ચમતકારો બતલાવાથી ખુદા થાતો હોઈતો ગણાખરા ભવીશય વાદીઓને ખુદા કેહવુ જોએ ને વળી મુશાની લાકડી સાંપ થઈ ચાલતીથી જે ખીરીશના મુરદા જીવતાં કરવા કરતાં વધુછે.

મોહમદ ભવીશયવાદ માટે ગણી શુવારતા બાઇબલમાછે તેમાથી થોડી શુવારતાઓ મે મારી ચોપડી "ખીરીશતી અને મોહમદી ધરમના ચુકાદા નામનીમા લખીછે પણ આ ચોપાનયામા ૧ સુવારતા લખુંછું પુનરનીયમ આ૦ ૧૮ વા૦ ૧૮ થી ૨૨ સુધી હું તેઓના ભાઈયોમાથી તારા જેવો તેઓને સારૂ ભવીશયવાદી ઉઠાવીશ ને તેના મુખમા મારા શબદો આપીસ ને હું તેને જે હુકમ આપુ તે સરવ તેઓની પાસે બોલસે ને એમ થસેકે મારા જે સબદ તે મારા નામે બોલસે તેઓને જે માણસ ન સાંભલે તેનુ હુ લેખુ લેશ ને જે પેગમબર ઘોકો કરીને મારે નામે જે વાત બોલવાની મે તેને હુકમ ન આપો તે બોલે ને અનયદેવોને નામે જે બોલે તેજ પેગમબર મારયો જાય ને જો તું પોતાના દીલમા કહેકે પ્રભુ વાત બોલયો નથી તે અમે કેમ જાણએ તો પેગમબર પ્રભુને નામે જે બોલે ને તે વાત ન થાઈ ને ન આવેતો તો પ્રભુ તે બોલયો નહી એવી વાતછે તે ભવીશયવાદી ઘોકો કરીને બોલયોછે તેથી તુ નબીહુ એ ખબર યહુશાવીશે થઈ સકતી નહી જેમ યહુદીઓ સમજેછે ને ઇસુ માટે પણ થઈ સકતી નહી જેમ ખીરીસતીઓ સમજેછે કેમકે ઈસાના વખતના યહુદીઓ ઈસા વગર બીજા ભવીશયવાદીની વાડ જોતા હતા જેવુકે યુહાન આ૦ ૧ વા૦ ૨૦ ને યુહાને કબુલ કીધુ ને નકાર કીધાનહી પણ કબુલ કીધુકે હુ ખરીસત નથી ને તેઓએ તેને પુછયુ તુ કોણ સું તું એલયાછે ને તેણે તેને કહયુ કે ના, તો સું તું તે આવનાર ભવીશયવાદીછે એ યુહાનની વાતથી સાફ માલમ પડેછેકે યહુદીઓ ઈસુ અને ઈલયા વગર બીજાની વાડ જોતા હતા (અને યુહાને પણ કરાર

કીધા કે હું તે આવનાર નહી એથી પણ મોહમદ સાહેબની ભવી સયવાદી સાબેત થાઈછે) માલમ પડેછેકે એ સુ વારતા ઈસુઅને યહુસા વીસે મલે નહી ને એ ખબરમા સબદ તારા જેવાનોછે ને યહુસા તથા ઈસુ મુશા જેવા મલે નહી કારણકે ઈસરાઈલમાથી કોઈ પેગમબર મુસા જેવો થયો નહી જેવું કે પુનરનીયમ આ૦ ૩૪ વા૦ ૧૦ માછે અને મુસા એક ધરમ કાડનારા હતા અને મુસતકવાલા કે જેમા કર વાનુ અને ન કરવાનુ લખેલુછે તયારે યહુસા જે મુશાને તાબેદારછે તે કેમ મુશા જેવો થાઈ ને ઈસુ પણ મુશા જેવો થઈ સકતો નહી કેમકે મુશા પેગમબર હતા ને તમારા માનવા પરમાણે ઈસુ દેવછે ને મુસા ખુદાના સારા બંદા હતા ને ઈશુ તમારા માનવા પરમાણે સપીત હતો (ગલાતીઓને પતર આ૦ ૩ વા૦ ૧૩ ખરીસ તે આપણી વતી સપીત થાઈ ને આપણને છોડાવી લીધા) ને મુશા નરગમા ગયા નહી ને ઈસુ તમારા માનવા પરમાણે નરગમા ગયો હતો ને એમા સબદ તેઓના ભાયોમાથીનોછે ને તે વખત ઈસરાઈલના બારટોલા હતા અને તેમાથી યહુસા અને ઈસુછે તો કેહતે કે એમાથી થસે ને એમા સબદ ઉઠાડીશનોછે માટે યહુસા વીસે થઇ સકતી નહી કારણકે તે વખત યહુસા ઈસરાઈલમા હાજર હતાને એમા સબદ જે ન સાભલે તેનુ હું લેખુલેસનોછે એ વાતથી પણ એ ખબર ઈસુવીસે થઈ સકતી નહી કારણકે એથી આ મતલબછેકે દીનના હુકમ ન માનનારા પર ચડાઈ કરાવીશ ને ઈનજીલમા લડવુ તોસુ પણ કોઈએક તમાચો મારે તેને બીજો ગાલ ધરવાને હુકમછે અને પથરાવ વગેરે કરવાનો પણ હુકમ મલે નહી ને એમા સબદ અનયદેવને નામે જે બોલે તેજ ભવીશયવાદી મારયો જાય તો જો મોહમદ શાહેબ પેગમબર ખરા ન હોતેતો મરા યા હોતે ને તમારા માનવા પરમાણે ઈશુ મશાઈ ગયો, ને મોહમદ સાહેબને કોણ મારી સખે જેને પરથમથીજ કુરઆનમા જણાવી દીધુકે ખુદા તને લોકોથી બચાવસે તે તેમજ થયુ ને મોહમદ સાહેબ ગણી વાતોમા મુસા જેવા હતા કે જેમ મુસાએ દુસમનોપર ચડાઈ કીધી તેમ એવણે પણ તથા જેમ તેવણ બાલબચા વાલા અને પોતાની મોતે મરા તેમ ઈમાણભી અને સરીઅતને જારી કરવામા તથા ખુદાને એક માનવામા તથા દેવનો દીકરો ન થવામા તથા ન સાપીત થવા મા અને વળી મોહમદ સાહેબ ઈસરાઈલના ભાઈની ઓલાદમાછે કે જેને કોઈ ઈનકરાર કરી સકતો નહી * ઓ ખરીસતીઓ તમે થોડી જીદગીને માટે સદા૦ જીવણનેનો બગાડો તમે આ સુ વારતમા ફીકર કરી જુઓને મોહમદી ધરમને કબુલકરો અને એક ખુદાના પુજકો થઈ જાવ નહીતો છેલે ડહાડે રડવુ પડસે ને પછી રડેલુ કઈપણ કામ આવસે નહી હે ખુદાવંદ તું સરવ સકતીવાનછે હું તારા ગીત ગાયા કરૂ તું સરવએબોથી પવીતરછે ન તને બાલકછે ન તું કોઈનો બાલક સરવનો તું ઉતપન કરનારછે તારા હુકમ વીના કોઈ વરક્ષ હીલે નહી સરવ તારી મીલકતછે તું તારા દાશ મોહમદ ભવીશયવાદપર અને તેવણના શીરાયોપર અને તેના તાબેદારોપર દરૂદ અને સલામ જયાં સુધી સુરયો અને ચંદર પોતાની ચાલપર ચાલાકરે મોકલા કર.***

કાયમ જંત્રી હીજરી.

રચનાર ગુલામમોહમદ બીન ડાહેજ સાહેબ રાંદેરી.

જે વરસના મહીનાની જોવાની રીત તારીખ જોવી હોય તેને ૧૬ પર ભાંગવુ પછી જો પુરા ભ આયતો ૧૬) ના ખાનાના યા જે બાકીબચે તેના ખાનાનાસામેને જે મહીનાની તારીખ જોવીછે તેને નીચેજે આંક હોયતેઆ ક્નેનીચે વારના કોઠામા જે દીવસો હોય તે દીવસોને મુકાબલે જે તારીખો છે તે તેદીવસો બે થાશે. અરૂ કરવું ખુદાને હાત.

ના૦	જીલહજ	જીલકાદ	શવાલ	રમજાન	શાબાન	રજબ	જમાદીલ આખ.	જમાદીલ આ.	રબીઉલ આખ.	રબીઉલ આ.	શફર	મોહરમ
૧	૭	૫	૪	૨	૧	૬	૫	૩	૨	૭	૬	૪
૨	૪	૨	૧	૬	૫	૩	૨	૭	૬	૪	૩	૧
૩	૨	૭	૬	૪	૩	૧	૭	૫	૪	૨	૧	૬
૪	૬	૪	૩	૧	૭	૫	૪	૨	૧	૬	૫	૩
૫	૩	૧	૭	૫	૪	૨	૧	૬	૫	૩	૨	૭
૬	૧	૬	૫	૩	૨	૭	૬	૪	૩	૧	૭	૫
૭	૫	૩	૨	૭	૬	૪	૩	૧	૭	૫	૪	૨
૮	૩	૧	૭	૫	૪	૨	૧	૬	૫	૩	૨	૭
૯	૭	૫	૪	૨	૧	૬	૫	૩	૨	૭	૬	૪
૧૦	૪	૨	૧	૬	૫	૩	૨	૭	૬	૪	૩	૧
૧૧	૨	૭	૬	૪	૩	૧	૭	૫	૪	૨	૧	૬
૧૨	૬	૪	૩	૧	૭	૫	૪	૨	૧	૬	૫	૩
૧૩	૩	૧	૭	૫	૪	૨	૧	૬	૫	૩	૨	૭
૧૪	૧	૬	૫	૩	૨	૭	૬	૪	૩	૧	૭	૫
૧૫	૫	૩	૨	૭	૬	૪	૩	૧	૭	૫	૪	૨
૧૬	૩	૧	૭	૫	૪	૨	૧	૬	૫	[illegible]	૨	૭

વારનુ ખાનુ.

૭	૬	૫	૪	૩	૨	૧	તારીખનુ ખાનુ				
જુ	જુ	બુ	મં.	પી	ઈ	શ	૨૯	૨૨	૧૫	૮	૧
શ.	જુ.	જુ	બુ.	મં	પી.	ઈ.	૩૦	૨૩	૧૬	૯	૨
ઈ	શ.	જુ.	જુ	બુ	મં.	પી.		૨૪	૧૭	૧૦	૩
પી.	ઈ.	શ	જુ	જુ	બુ	મં.		૨૫	૧૮	૧૧	૪
મં.	પી.	ઈ.	શ	જુ	બુ	બુ.		૨૬	૧૯	૧૨	૫
બુ.	મં.	પી	ઈ.	શ.	જુ	જુ		૨૭	૨૦	૧૩	૬
જુ	બુ	મં.	પી.	ઈ	શ.	જુ		૨૮	૨૧	૧૪	૭
											૭